## (D - 79) ધન્ય ધન્ય આજનો દિન,

ધન્ય ધન્ય આજનો દિન, અમ ઘેર પ્રભુજી પધાર્યા;
ધન્ય ધન્ય આજનો દિન, અમ ઘેર જિનવર પધાર્યા. ૧

નેમપ્રભુ શાન્તિ જિણંદ પધાર્યા, પધાર્યા સીમંધર દેવ
—અમઘેર—પ્ર. ૨

મહાવિદેહવાસી પ્રભુજી પધાર્યા, જગત ઉદ્ધારક દેવ
—અમઘેર—પ્ર. ૩

કલ્પવૃક્ષની છાંયા છવાણી, જય નાદ ઈન્દ્રો ગાય
—અમઘેર—પ્ર. ૪

રત્નરાશિ અમ આંગણે ફળિયો, સિધ્યાં મનવાંછિત કાજ
—અમઘેર—પ્ર. ૫

ગુણમણિ ગુણનિધિ પ્રભુજી પધાર્યા, મનવાંછિત દેનાર
—અમઘેર—પ્ર. ૬

જિનબિંબ જળહળ જ્યોતિ જગે છે જ્ઞાન અજવાળાં અમાપ
—અમઘેર—પ્ર. ૭

દિવ્યધ્વનિના નાદ ગાજે છે સમવસરણ મોઝાર
—અમઘેર—પ્ર. ૮

છપ્પનકુમારી પ્રભુ મહોત્સવ કરે છે ઈન્દ્રાણી જયનાદ ગાય
—અમઘેર—પ્ર. ૯

શક્રેન્દ્ર ચમરેન્દ્ર ચમર ઢાળે છે, ધન્ય ધન્ય પ્રભુ વીતરાગ
—અમઘેર—પ્ર. ૧૦

અંતર મારું આનંદથી ઊછળે પધાર્યા શ્રી વીતરાગ
—અમઘેર—પ્ર. ૧૧

સુવર્ણપુરી સદ્‌ભાગ્ય ખીલ્યા છે જિનમુદ્રા મહોત્સવ થાય
—અમઘેર—પ્ર. ૧૨